ગાંધીનગર સમાચાર

# કાશ્મીરમાં વિનાશક પુરનો મૃતાંક ૨૦૦

## ૧૦૦૦ કરોડની મદદની મોદીએ જાહેરાત કરી : જમ્મુ કાશ્મીર પુર રાષ્ટ્રીય હોનારત તરીકે જાહેર

શ્રીનગરે, તા. ૭

જમ્મુ કાશ્મીરમાં દશકોના સૌથી વિનાશકારી પુરની સ્થિતિ વચ્ચે આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પુરગ્રસ્ત રાજ્યમાં પરિસ્થિતિની સમીક્ષા કરવા માટે પહોંચી ગયા હતા. કુદરતી હોનારતથી થયેલા ભારે નુકસાન વચ્ચે મોદી આજે જમ્મુ કાશ્મીર પહોંચ્યા હતા. વડાપ્રધાને મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાની સાથે મળીને પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. સાથે સાથે અન્ય ટોચના અધિકારીઓની સાથે પુરગ્રસ્ત વિસ્તારોનું હવાઈ નિરીક્ષણ કર્યું હતું. વડાપ્રધાન પુરગ્રસ્ત જમ્મુ કાશ્મીર માટે આજે ૧૦૦૦ કરોડની ખાસ સહાયતાની જાહેરાત કરી હતી. અગાઉ પહેલાથી જ ૧૧૦૦ કરોડની જાહેરાત કરવામાં આવી ચુકી છે. આની સાથે જ કુલ સહાયતા ૨૧૦૦ કરોડ રૂપિયાની થઈ ચુકી છે. વડાપ્રધાને વડાપ્રધાન રાહત ફંડમાંથી બે લાખ રૂપિયાના વળતરની મૃતકોના પરિવારજનો માટે જાહેરાત કરી હતી. ગંભીરરીતે ઘાયલ થયેલાઓ માટે ૫૦ હજાર





રૂપિયાની જાહેરાત કરવામાં આવી હતી. શ્રીનગર પ્રદેશ અને જમ્મુમાં પુરગ્રસ્ત વિસ્તારનું હવાઈ નિરીક્ષણ કર્યા બાદ મોદીએ કહ્યું હતું કે, વર્તમાન કટોકટી રાષ્ટ્રીય સ્તરની હોનારત તરીકે છે. તેમણે જમ્મુ કાશ્મીરના લોકોને કટોકટીના સમયમાં તમામ મદદ આપવાની વાત કરી હતી. મોદીએ એમ પણ કહ્યું હતું કે, રાજ્યની તમામ પ્રકારની મદદ માટે સરકાર સંપૂર્ણપણે તૈયાર છે. ગઈકાલે કેન્દ્રીય ગૃહપ્રધાન રાજનાથસિંહે પણ પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. જમ્મુ કાશ્મીરમાં ઉભી થયેલી પરિસ્થિતિને રાષ્ટ્રીય સ્તરની હોનારત તરીકે ગણાવીને મોદીએ કહ્યું હતું કે, કટોકટીના સમયે અન્ય રાજ્યો પણ જમ્મુ કાશ્મીરને મદદ કરવા માટે આગળ આવે તે જરૂરી છે. જમ્મુ કાશ્મીરમાં સ્થિતિ વધુને વધુ વણસી રહી છે. ભારે વરસાદ અને પુરના કારણે મોતનો આંકડો ૨૦૦ ઉપર પહોંચી ચુક્યો છે. ઉધમપુરમાં મુથુલ ગામમાં મકાનની છત પડી જતાં છ લોકોના મોત થઈ ગયા છે. મોદીએ જમ્મુના ટેકનિકલ વિમાની મથકે અધિકારીઓ સાથે વાતચીત કરી હતી. મુખ્યમંત્રીએ પુરના કારણે થયેલા નુકસાન અંગે માહિતી આપી હતી. વડાપ્રધાન કચેરીએ એક નિવેદનમાં કહ્યું છે કે, સમીક્ષા બેઠક બાદ વડાપ્રધાનની યાત્રા અંગે નિર્ણય લેવાયો હતો. ગૃહમંત્રી રાજનાથસિંહ દ્વારા માહિતી આપવામાં આવ્યા બાદ બેઠક બોલાવવામાં આવી હતી. દિલ્હી પરત ફરેલા રાજનાથસિંહે વડાપ્રધાનને માહિતી આપી હતી. મોદીએ જમ્મુ કાશ્મીર જવા અને અંગતરીતે સ્થિતિના મૂલ્યાંકનનો નિર્ણય કર્યો હતો. મકાન પડવા, ભારે વરસાદ અને અન્ય ઘટનાઓમાં ૨૦૦ લોકોના મોત થઈ ચુક્યા છે. રાજ્યમાં છેલ્લા ૬૦ વર્ષમાં આવેલા સૌથી વિનાશકારી પુર તરીકે આને ગણવામાં આવે છે. મોટી સંખ્યામાં લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. મોદીએ પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરના અસરગ્રસ્ત લોકોને પણ મદદની ખાતરી આપી હતી. માનવતાની કામગીરીથી ભારત ક્યારે પીછેહઠ કરશે નહીં. આજે પણ જમ્મુ કાશ્મીર પુરના સકંજામાં રહ્યું હતું. જુદા જુદા વિસ્તારમાંથી ૧૨૦૦૦ લોકોને બચાવવામાં આવ્યા છે. ૨૩ હેલિકોપ્ટરો અને સેનાની ૧૮૪ ટુકડીઓની મદદ લેવામાં આવી છે. વડાપ્રધાન દ્વારા પણ બચાવ કામગીરી ઉપર ધ્યાન આપવામાં આવ્યું છે.

**સંઘ વડા મોહન ભાગવતનો સ્પષ્ટ અભિપ્રાય**

## લવ જેહાદ અંગે યુવતીઓને માહિતી આપવાની જરૂર છે

નવી દિલ્હી,તા. ૭

લવ જેહાદને લઈને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા નારાજગી અને વિરોધ પ્રદર્શન ઓછું થાય તેવા કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. હિન્દુ યુવતીઓને પ્રેમજાળમાં ફસાવીને લગ્ન કરવા અને ત્યારબાદ તેમના ઉપર ધર્મ પરિવર્તન માટે દબાણ લાવવા સાથે સંબંધિત લવ જેહાદને લઈને આરએસએસ લાલઘૂમ છે. આરએસએસના વડા મોહન ભાગવતે કહ્યું છે કે, યુવતીને લવ જેહાદનો મતલબ શું છે તે અંગે માહિતી આપવામાં આવે તે જરૂરી છે. પ્રેમના જાળમાં ફસાઈ જતી યુવતીઓને આ અંગે માહિતી મળે તે જરૂરી છે. ગાઝિયાબાદના મોહનનગર વિસ્તારમાં સ્થિત કૃષ્ણા ડેન્ટલ કોલેજમાં એક કાર્યક્રમમાં બોલતા ભાગવતે કહ્યું હતું કે, મહિલા સશક્તિકરણની દિશામાં કામ કરવા માટે પગલા ખુબ જરૂરી છે. આરએસએસે પોતાના મુખપત્ર પાંચજન્ય અને ઓર્ગેનાઈઝરમાં લવ જેહાદનો મુદ્દો ઉઠાવીને આની પાછળ



સિમી અને લશ્કરી તોઈબા જેવા આતંકવાદી સંગઠનોના કાવતરા હોવાની વાત કરી છે. બંને પત્રિકાઓમાં પોતાના દાવાની તરફેણમાં મજબૂત પુરાવા તરીકે કેટલાક મુદ્દાઓ રજૂ કરવામાં આવ્યા છે. લવ જેહાદને લઈને આરએસએસની ગતિવિધિ ઉપર હવે રાજકીય રમત પણ શરૂ થઈ ગઈ છે. સપાએ આક્ષેપ કરતા કહ્યું છે કે, આરએસએસ રાજકીય ફાયદો લેવા માટે લવ જેહાદના મુદ્દાને ચગાવવામાં વ્યસ્ત છે. ઉત્તરપ્રદેશના મેરઠ અને ઝારખંડના પાટનગર રાંચીમાં આવેલા લવ જેહાદના મામલાને સંઘ સહિત તમામ હિન્દુ સંગઠન હિન્દુ યુવતીઓના ધર્મપરિવર્તનને લઈને જુએ છે. રાંચીની નેશનલ શૂટર તારા સહદેવના મામલાએ હાલમાં ભારે ચર્ચા જગાવી છે. આવા મામલા સપાટી ઉપર આવ્યા બાદ ઉત્તરપ્રદેશના ઘણા વિસ્તારમાં જુદી જુદી સંસ્થાઓ સ્કૂલોમાં જઈને આ અંગે માહિતી આપી રહી છે. સંઘ પ્રમુખના આ નિવેદનને આ અભિયાનને તીવ્ર બનાવવાના સંકેત તરીકે જોવામાં આવે છે.

## એર ઈન્ડિયાના વિમાનનું તાકીદે ઉતરાણ : યાત્રી બચ્યા

નવીદિલ્હી, તા.૭

શિકાગોથી નવી દિલ્હી આવી રહેલા સેંકડો યાત્રીઓનો સહેજમાં બચાવ થયો છે. એર ઈન્ડિયાની ફ્લાઈટ એઆઈ-૧૨૬માં ૩૪૨ યાત્રીઓ મુસાફરી કરી રહ્યા હતા. વિમાનની ટાંકીમાં ક્રેક છે તેવી જાણ થયા બાદ ભારે ચિંતાનું મોજુ ફરી વળ્યું હતું. મોડેથી આ વિમાનના રસ્તાને બદલીને તેને કેનેડાના ટોરેન્ટોમાં ઉતારવામાં આવ્યું હતું.



ટોરેન્ટોમાં ઉતરાણ કર્યા બાદ જ યાત્રીઓ રાહતનો દમ લીધો હતો. આ વિમાનમાં નાગરિક ઉડ્ડયનપ્રધાન જીએમ સિદ્ધેશ્વર પણ હતા. શિકાગોથી દિલ્હી માટે ઉડાણ ભર્યા બાદ થોડાક સમયમાં જ વિમાનમાં ખામી હોવાની બાબત સપાટી ઉપર આવી ગઈ હતી. એન્જિનમાં મુકવામાં આવેલા કોમ્પ્રેસરથી જોરદાર અવાજ આવવા લાગ્યો હતો. એન્જિનમાંથી ઓઈલ લીક અંગે પણ માહિતી મળી હતી. ત્યારબાદ કન્ટ્રોલરૂમને આની જાણ કરવામાં આવી હતી. કન્ટ્રોલ રૂમે આ વિમાનને ટોરેન્ટો ઉતરાણ કરવા માટે કહ્યું હતું. આખરે આ વિમાનને સુરક્ષિતરીતે ટોરેન્ટો ઉતારી લેવામાં આવ્યું હતું. ઉડાણ ભર્યાના ૨૦ મિનિટ બાદ જ પાયલોટને એન્જિન ઓઈલ ઓછું હોવા અંગે ચેતવણી મળી ગઈ હતી. ત્યારબાદ પાયલોટે નજીકના એરપોર્ટ પર ઉતરાણની મંજુરી માંગી હતી અને મંજુરી મળી ગયા બાદ વિમાનને ઉતારવામાં આવ્યું હતું. સમગ્ર મામલામાં તપાસ હાથ ધરવામાં આવી છે. આ વિમાન ત્રણથી ચાર કલાક બાદ ફરી ઉડાણ ભરશે.

## સ્લેમ યુએસ ઓપન ટેનિસ ચેમ્પિયનશીપમાં જોકોવિક અને રોજર ફેડરર બન્નેની હાર

ન્યુયોર્ક,તા. ૭

ન્યુયોર્કમાં ફ્લુસીંગ મેડોઝ ખાતે રમાઈ રહેલી વર્ષની અંતિમ ગ્રાન્ડ સ્લેમ યુએસ ઓપન ટેનિસ ચેમ્પિયનશીપમાં બે ટોચના ખેલાડી નોવાક જોકોવિક અને રોજર ફેડરર પોત પોતાની મેચો હારી જતા ટેનિસ ચાહકોમાં ભારે આશ્ચર્યનુ મોજુ ફરી વળ્યું છે. બન્ને ધરખમ ખેલાડી વચ્ચે ફાઈનલ મેચ રમાશે તેવી ગણતરી તમામ ટેનિસ ચાહકો કરી રહ્યા છે. બન્નેની એક સાથે જ પોત પોતાની સેમીફાઈનલમાં હારને લઈને કેટલાક ટેનિસ ચાહકો અને નિષ્ણાંતો પ્રશ્નો પણ ઉઠાવી રહ્યા છે. યુએસ ઓપન ટેનિસમાં પુરૂષોના વર્ગમાં સિંગલ્સ ફાઈનલ હવે ક્રોએશિયાના મરિન ચિલિચ અને જાપાનના કેઈ નિશિકોરી વચ્ચે રમાશે. બન્ને ખેલાડીઓ પ્રથમ વખત ગ્રાન્ડ સ્લેમની ફાઈનલમાં પહોંચ્યા છે. ૧૪માં ક્રમાંકિત ખેલાડી મરિન ચિલિચે બીજી સેમીફાઈનલમાં બીજા ક્રમાંકિત ખેલાડી રોજર ફેડરર પર સીધા સેટોમાં ૬-૩, ૬-૪ અને ૬-૪થી



જીત મેળવી હતી. આ અગાઉ જાપાનના કેઈ નિશિકોરીએ ટોપ ક્રમાંકિત ખેલાડી નોવાક જોકોવિક પર પ્રથમ સેમીફાઈનલમાં જીત મેળવી હતી. કોઈ પણ ગ્રાન્ડ સ્લેમમાં સિંગલ્સમાં ફાઈનલ સુધી પહોંચનાર તે પ્રથમ ખેલાડી બની ગયો થછે. શનિવારે ન્યુયોર્કમાં રમાયેલી સેમીફાઈનલ મેચમાં દસમા ક્રમાંકિત ખેલાડી નિશિકોરીએ નોવાક જોકોવિક પર જીત મેળવી હતી. નિશિકોરીએ જોકોવિક પર ૬-૪, ૧-૬, ૭-૬, ૬-૩થી જીત મેળવી હતી. મેચ બાદ નિશિકોરીએ કહ્યું હતું કે તે પ્રથમ વખત સેમીફાઈનલમાં કોઈ ગ્રાન્ડ સ્લેમમાં રમી રહ્યો હતો. જેથી તે નર્વસ પણ હતો. ટોપના ખેલાડીને હાર આપવાની બાબત તેના માટે મોટા સ્વપ્ન સમાન છે. સ્પેનના રાફેલ નડાલની ગેરહાજરીમાં આ વખતે ફાઈનલ મેચ જોકોવિક અને ફેડરર વચ્ચે રમાશે તેમ માનનારની સંખ્યા ખુબ મોટી હતી. ફેડરર વધુ એક મોટી હારથી બચી શક્યો ન હતો. જોકોવિક અને રોજર ફેડરર સંયુક્ત રીતે ૨૪ મોટી ચેમ્પિયનશીપ જીતી ચુક્યા છે. એક દશકના લાંબા ગાળા બાદ મોટી સ્પર્ધાની ફાઈનલ મેચ ફેડરર, જોકોવિક અથવા તો નડાલ કોઈ એક વગર રમાઈ રહી છે. જાન્યુઆરી ૨૦૦૫માં આવી ઘટના બની હતી. જ્યારે મરાઠ સાફિને હેવિટ પર જીત મેળવી હતી. આ ત્રિપુઠી મળીને છેલ્લી ૩૮ ગ્રાન્ડ સ્લેમ પૈકી ૩૪ જીતી ચુકી છે. ગુરૂવારે રાત્રે ફેડરર શરૂઆતના બે સેટ હારી ગયા બાદ જોરદાર વાપસી કરીને ક્વાર્ટર ફાઈનલમાં મોનફિલ્સ પર જીત મેળવી હતી. બીજી બાજુ ચિલિચે વર્ષ ૨૦૧૦માં છેલ્લે કોઈ મોટી ટ્રોફીમાં સેમીફાઈનલમાં રમ્યો હતો. હેડ ટુ હેડ રેકોર્ડની વાત કરવામાં આવે તો ફેડરરની ચિલિચ પર ૫-૦ની મેચ પહેલા લીડ હતી. જ્યારે નિશિકોરી વર્ષ ૧૯૩૩ બાદ ગ્રાન્ડ સ્લેમની ફાઈનલમાં પહોંચનાર પ્રથમ જાપાની ખેલાડી છે.

**વડાપ્રધાન મોદીએ શુભેચ્છા આપી**

## ઓણમ પર્વની દેશમાં પરંપરાગત ઉજવણી

થરુવનંતપુરમ, તા.૭

ઓણમ પર્વની આજે દેશભરમાં પરંપરાગતરીતે ઉજવણી કરવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઓણમના પ્રસંગે લોકોને શુભેચ્છા પાઠવી હતી. ઓણમની કેરળના લોકોએ વિશેષ રીતે ઉજવણી કરી હતી. આજે વહેલી સવારે જ લોકો ઉઠી ગયા હતા અને મંદિરમાં દર્શન કરવા માટે પહોંચ્યા હતા. સબરીમાલા ખાતે ભગવાન અયપ્પાના પહાડી મંદિર, શ્રી પદ્મનાભા સ્વામી મંદિર અને ગુરુવાયુર ખાતે શ્રીકૃષ્ણ મંદિરમાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. ઓણમની ઉજવણી મહારાજા મહાબલીના સન્માન માટે કરવામાં આવે છે. ઓણમની ઉજવણીના પ્રસંગે અન્ય રાજ્યોમાં પણ વિશેષ સુવિધા ગોઠવવામાં આવી હતી. રેલવે તંત્ર દ્વારા વિશેષ પગલા લેવામાં આવ્યા હતા.

### શબ્દ સમીપે (પાના નં. ૪ નું ચાલુ)

તો મધુરાયની પ્રયોગના પવન પાવડી પર રચાયેલ નવલિકા સરસ અને શમ્પા વિશે ચંપૂ વ્યાસે કહ્યું છે કે, અસંખ્ય રીતે સંકળાયેલી લાગણી શબ્દ લીલા પણ છેવટે તો સર્જનલીલા છે. આ સંપાદનમાં રાધેશ્યામ શર્માની નવલિકા 'સાર્ત્ર કોરીમ' અને ક્રિસેન્થિમમ્' એક સમસ્યા પ્રધાન વાર્તા છે. જયારે ઘનશ્યામ દેસાઇની એક પ્રતિમાત્મક ફેન્ટસી સમાન વાર્તા 'કાગડો' પણ આપણને મળે છે. તારીણીબહેન દેસાઇની વાર્તા 'સર્કિટ હાઉસ' એક રહસ્યમય સંકુલ વાર્તા છે. તો ઉત્પલ ભાયાણીની નવલિકા 'ખતવણી' વૃત્તિ-વર્ષાની વિશિષ્ટ વાર્તા રૂપે આવે છે. હરીશ નાગ્રેચાની નારીવાદી નવલિકા 'કેટવોક' પછી કરીટ દુધાતની વાર્તા 'લીલ' અતૃપ્ત વાસનાની વેદના ગર્ભ પીઠ ઝબકાર ટેકનીકના વિનિયોગથી વિશેષ કલાત્મક અને આસ્વાદ્ય લાગે છે.

આ સંગ્રહના સંપાદક પ્રસાદ બ્રહ્મભટ્ટ છે. તેમનો એક વાર્તા સંગ્રહ 'શોધ' પ્રગટ થયો છે. તેમણે વાર્તા વિવેચન 'વાર્તા વારિધિ' તથા સંખ્યાબંધ સંપાદનો કર્યા છે. ગુજરાત યુનિવર્સિટીમાં ભાષા સાહિત્યભવનમાં પંદરેક વર્ષ ગુજરાતી સાહિત્યનું અધ્યાપન કર્યા પછી તેઓ એકેડેમિક સ્ટાફ કોલેજના નિયામક તરીકે દસ વર્ષ સેવા આપી નિવૃત્ત થયા છે.

'૧૫ પ્રતિનિધિ ગુજરાતી નવલિકાઓ'
સંપાદક : પ્રસાદ બ્રહ્મભટ્ટ
પ્રકાશક - ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ
પ્રથમ આવૃત્તિ : ૨૦૧૪, કિંમત - ૧૮૦/-

## વિપક્ષના નેતા વિના નિમણૂંક કરવા મોદી સરકારનો નિર્ણય

નવી દિલ્હી,તા. ૭

નરેન્દ્ર મોદી સરકારે વિપક્ષના નેતા વગર જ બંધારણીય હોદ્દાઓ ઉપર નિમણૂંકો કરવાનો ફેંસલો કરી લીધો હોવાના અહેવાલ મળ્યો છે. મોદી સરકાર અતિ ઝડપથી આ દિશામાં આગળ વધી રહી છે. સરકાર વિપક્ષના નેતાની હાજરી વગર જ નિમણૂંકોની દિશામાં આગળ વધશે તેવા અહેવાલથી કોંગ્રેસ પાર્ટી ચોક્કસપણે નાખુશ છે પરંતુ મોદી સરકાર મક્કમતાપૂર્વક આગળ વધી રહી છે. બંધારણીય નિમણૂંકો કરવાની દિશામાં સરકાર આગળ વધી રહી છે. વિજિલન્સ કમિશન, માનવ અધિકાર કમિશન, લોકપાસ જેવી સંસ્થાઓના પ્રમુખની પસંદગી કરનાર સમિતિમાં લોકસભામાં વિપક્ષના નેતા હોવાની પણ જોગવાઈ છે પરંતુ સરકાર વિપક્ષ વગર જ નિમણૂંક કરવાની દિશામાં આગળ વધી રહી છે. તાજેતરમાં જ ડિપાર્ટમેન્ટ ઓફ પર્સનલ એન્ડ ટ્રેનિંગે લોકસભામાં વિપક્ષના નેતા અંગે માહિતી માટે લોકસભા સચિવાલયને પત્ર લખ્યો હતો. સચિવાલયે જવાબ આપ્યો હતો કે, લોકસભામાં કોઈ વિપક્ષ નથી. સૂત્રોનું કહેવું છે કે, સરકારે વિપક્ષના નેતા વગર જ નિમણૂંક કરવાનો નિર્ણય કર્યો છે. લોકસભા અધ્યક્ષ સુમિત્રા મહાજને કોંગ્રેસના નેતા વિપક્ષના પદને લઈને કરી રહેલા માંગણીને ફગાવી દીધી છે. જો કે, સુપ્રીમ કોર્ટે સરકારને પ્રશ્ન કર્યો હતો કે વિપક્ષના નેતા વગર લોકપાલ અને અન્ય હોદ્દાઓ ઉપર નિમણૂંક કઈ રીતે થશે તેવો પ્રશ્ન કરવામાં આવ્યો હતો. પસંદગી સમિતિમાં નેતા વિપક્ષના રહે તે જરૂરી નથી. સેન્ટ્રલ વિજિલન્સ એક્ટ ૨૦૦૩માં લખવામાં આવ્યું છે કે, કમિશનરની નિમણૂંક ત્રણ સભ્યોની એક સમિતિની ભલામણ ઉપર રાષ્ટ્રપતિ કરશે. આ સમિતિમાં વડાપ્રધાન, ગૃહપ્રધાન અને વિપક્ષના નેતા રહેશે પરંતુ એક જોગવાઈમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે, વિપક્ષના નેતા ન હોવાની સ્થિતિમાં પસંદગી સમિતિમાં લોકસભાના સૌથી મોટા વિરોધ પક્ષના નેતાને સામેલ કરવામાં આવી શકે છે. કાયદાઓમાં જણાવવામાં આવી ચુક્યું છે કે, માત્ર આજ આધાર ઉપર વિજિલન્સ કમિશનરની નિમણૂંક ગેરકાયદે ગણવામાં આવશે નહીં.

### વિશ્વ સાક્ષરતા દિન (પાના નં. ૪ નું ચાલુ)

૧૯૮૮માં સ્વ. રાજીવ ગાંધીને દેશના વિકાસમાં નિરક્ષરતા અડચણરૂપ લાગી. ૫મી મે, ૧૯૮૮માં 'રાષ્ટ્રીય સાક્ષરતા મિશન'ની સ્થાપના કરી આખા દેશમાં 'સંપૂર્ણ સાક્ષરતા અભિયાન' ઝુંબેશ ચલાવી. આમ, આઝાદી પહેલાં અને આઝાદી પછી નિરક્ષરતાની શરમને દૂર કરવા જુદા જુદા નામે અક્ષરજ્ઞાન આપવાની જયોત જલવી રહી. આ અક્ષરજ્ઞાન મેળવેલો નવું વાંચતાં લખતાં શીખેલે એક નવો નવસાક્ષરોનો સમુદાય ઊભો થયો. તે જે અક્ષરજ્ઞાન મેળવે છે તેના દઢીકરણ અને વિકાસ માટે તે રોજબરોજની ઘટનાઓથી વાકેફ થાય છે જરૂરી છે. આ માટે જરૂરિયાત ઊભી થઈ નવ-સાક્ષરો માટે પૂરક વાંચનની. દરેક રાજય સંસાધન કેન્દ્રોઓ નવસાક્ષરો માટે સામયિકોનું પ્રકાશન શરૂ કર્યું. જેમાં બંગાળમાં વામા, લખનૌથી ઉજાલા, ગોંડાથી પરમહંસ, જયપુરથી નઈ શિક્ષા, આયના, લેખ આલેખ, મુંબઈથી રહબર, મરાઠીમાં નાગપુરઠી દીપક, પૂનાથી લોકશિક્ષણ, મૈસૂરથી બૈલાકુ (કન્નડમાં) પ્રકાશ, પટનાથી જનજીવન, બિલાસપુર (મ.પ્ર.) જીવન, તામિલમાં આનંદમ્, ઈન્દૌરથી અક્ષરછાંવ, હરિયાણાથી બાંકીધાર, ગુજરાતમાં ગૂજરાત વિદ્યાપીઠથી લોકજીવન, ઉપરાંત સાક્ષરતા અભિયાન દરમિયાન દરેક જિલ્લા સાક્ષરતા સમિતિ વતી સામયિકો પ્રકાશિત થયા હતા. જેમાંના કેટલાંક આ મુજબ છે. રાજકોટથી ટહુકો, ગાંધી-નગરથી સાક્ષરદીપ, બીજા પ્રકાશકો જ વાચન અને વાચક, નવસાક્ષર સંદેશ વગેરે પ્રકાશિત થયાં હતાં.

આજે આપણા અખબારો ખેતી, ધાર્મિક, આરોગ્ય, ફિલ્મ, વ્યાપાર, વિજ્ઞાન, મહિલા અને બાળકો માટે વિવિધ પૂર્તિઓ આપે છે. પરંતુ નિરક્ષરતા નિવારણ ઝુંબેશમાં, ગુજરાતમાં સાક્ષર ભારત કાર્યક્રમ થકી સાક્ષરતાના પહેલા પગથિયે ડગ માંડનાર નવસાક્ષર સમુદાય માટે કોઈ વિશેષ વાંચન પૂર્તિ આપતા નથી... ઉપરાંત મલ્ટી નેશનલ કંપની અને ઉદ્યોગીકરણને ફાયદો થાય, લોકોને શું વાંચવું છે એ નહીં પરંતુ તેમને જે વંચાવું છે તે તેમને જે દેખાડવું છે તે આજનું પત્રકારત્વ રજૂ કરે છે. આજની સમસ્યા એઈડ્સ! ૧૯૮૧માં અમેરિકામાં ૧ કેસ, ૧૯૮૬માં ભારતમાં ૧ કેસ નોંધાય છે. આજે ભારતમાં અંદાજે ૫૧ લાખ જેટલા લોકો એઈડ્સગ્રસ્ત છે. વિશ્વમાં ૪ કરોડ જેટલાં એઈડ્સના દરદી છે. આ આરોગ્ય શારીરિક જાણકારીની નિરક્ષરતા પણ પત્રકારત્વ માટે શું પડકરા નથી! ઉપરાંત ધર્મ નિરક્ષરતા, રમતગમતની ખેલદિલી અંગે નિરક્ષરતા તો છે જ!

અસ્તુ.

## વધુ ફિલ્મોનું નિર્માણ કરવા શિલ્પા શેટ્ટી ઈચ્છુક : રિપોર્ટ

મુંબઈ,તા. ૭

બોલીવુડની વિતેલા વર્ષોની સ્ટાર અભિનેત્રી અને હાલમાં એક બિઝનેસ વુમેન તરીકે ક્રિકેટ સાથે સંકળાયેલી શિલ્પા શેટ્ટીએ કહ્યું છે કે, હાલમાં નિષ્ફળતા મળી હોવા છતાં ફિલ્મ નિર્માણના ક્ષેત્રમાં તે આગળ વધશે. વિવિધ કાર્યક્રમના હેતુસર ગુલાબીનગરી જયપુરમાં પહોંચેલી શિલ્પા શેટ્ટીએ વાતચીત દરમિયાન કહ્યું હતું કે, નિષ્ફળતા બાદ સફળતાને લઈને તે આશાવાદી છે. જુદા જુદા મુદ્દાઓ ઉપર શિલ્પા શેટ્ટીએ વિસ્તારપૂર્વક વાત કરી હતી. બોક્સ ઓફિસ ઉપર તેની પ્રથમ ફિલ્મને નિષ્ફળતા મળ્યા બાદ તે હજુ પણ ફિલ્મ નિર્માણમાં આગળ વધશે. કેરિયરમાં તે અનેક ઉતારચઢાવ જોઈ ચુકી છે જેથી નિષ્ફળતામાંથી કઈ રીતે બહાર આવી શકાય તે જાણી શકાય છે.

શિલ્પાનું કહેવું છે કે, ઘી અને અન્ય ડેરી પ્રોડક્ટના કારણે સ્થુળતા વધી જાય છે તેમ માનવા માટે કોઈ કારણ નથી. તે પોતે પણ પરંપરાગત ભારતીય ચીજવસ્તુઓમાં વિશ્વાસ રાખતી આવી છે. સ્થૂળતાને ટાળવા માટે ઘી અને અન્ય ચીજવસ્તુઓથી દૂર રહેવાની બાબત કોઈ સમસ્યાનો ઉકેલ નથી. તેનું કહેવું છે કે, યોગા અને કસરત ઉપર તે હંમેશા ધ્યાન રાખે છે. ચોખા સાથે ઘીનો ઉપયોગ તે હંમેશા કરે છે. તેનું એમ પણ કહેવું છે કે, ફિલ્મ નિર્માણની સાથે સાથે અન્ય પ્રોજેક્ટોમાં સામેલ થયા બાદ તેની પાસે સમય ઓછો રહ્યો છે. જો કે તે ફેમિલી અને બિઝનેસના કારણે બિલકુલ હેરાન નથી. પરિવારને પ્રથમ પ્રાથમિકતા આપી રહી છે પરંતુ બિઝનેસ સાથે પણ ખુબ સારી રીતે જોડાયેલી છે. એક્ટિંગમાં તેને સફલતા મળી હતી. હવે બિઝનેસ સાહસોમાં પણ તે સફળ રહી છે જેમાં ક્રિકેટનો સમાવેશ થાય છે. આઈપીએલમાં તે સક્રિયરીતે જોડાયેલી રહી છે. મેચો દરમિયાન પણ તેને જોઈ શકાય છે.

## સીબીઆઈ ડિરેક્ટરને દૂર કરવા ઉગ્ર માંગણી

નવીદિલ્હી, તા.૭

સીબીઆઈના ડિરેક્ટર રણજીત સિંહા જોરદાર વિવાદોના ઘેરામાં આવી ગયા છે. હવે રણજીત સિંહાની હકાલપટ્ટી કરવા માટે જાણિતા કાર્યકર અને વકીલ પ્રશાંત ભૂષણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો છે. તેમની સામે શિસ્ત અને ફોજદારી કાર્યવાહી હાથ ધરવા માટે પણ કહેવામાં આવ્યું છે. ટુજી સ્પેક્ટ્રમ અને કોલસા બ્લોક ફાળવણી કૌભાંડ સહિત હાઈપ્રોફાઈલ ભ્રષ્ટાચારના કેસોમાં આરોપીઓને બચાવવા તેમની સત્તાવાર પોજીશનનો દુરુપયોગ કરવાનો સિંહા ઉપર આક્ષેપ કરવામાં આવ્યો છે.આ પત્રની એક નકલ કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહને પણ આપી દેવામાં આવી છે.